# ‘પચાસ સેન્ટમાં આપ’

–ગાંડાભાઈ પટેલ




ઘણાં વર્ષો પહેલાંની – લગભગ ચોવીસેક વર્ષો પહેલાંની આ વાત છે. અમારાં એક સમ્બન્ધી પાસે વેલીંગ્ટનમાં શૉપ હતી. એ શૉપ વેલીંગ્ટનના એક પરામાં, અમે રહીએ છીએ ત્યાંથી લગભગ ૩૦થી ૩૫ કીલોમીટર દુર છે. એ લોકો હોલીડે કરવા કેટલાક સમય માટે સ્વદેશ જવાનાં હતાં. આથી એ શૉપ સંભાળવાનું અમને કહ્યું.

જે વીસ્તારમાં એ શૉપ હતી ત્યાંની લોકાલીટી કંઈ બહુ સારી તો ન હતી; પણ અમારાં એ સમ્બન્ધીઓને હેલ્પ થાય એટલા માટે અમે, એટલે કે મેં અને મારાં પત્નીએ શૉપ સંભાળવાનું સ્વીકાર્યું હતું. હા, કુદરતી સૌંદર્યની દૃષ્ટીએ તો સ્થળ ઘણું જ રળીયામણું છે. એક ડુંગર પાર કર્યા પછી આ નાનકડો કસ્બો શરુ થાય છે. કંઈક અંશે થોડો ઉચ્ચ પ્રદેશ કહી શકાય એવો એ એરીયા છે. આથી જ કદાચ વેલીંગ્ટન કરતાં ત્યાં ઠંડી વધુ હોય છે. વેલીંગ્ટનમાં સ્નો ભાગ્યે જ પડે છે – અમારા ચાળીસ વર્ષના અહીંના વસવાટમાં માત્ર એક જ વાર સાવ નજીવો સ્નો પડેલો અમે જોયો છે; પણ જે સ્થળની હું વાત કરું છું, ત્યાં કોઈ કોઈ વાર શીયાળામાં સ્નો પડે છે.

શૉપમાં આવનારાં મોટા ભાગનાં લોકો બહુ ફ્રેન્ડલી હોવા છતાં પણ; કોઈ કોઈ ચોરી કરી જતા. નાની વસ્તુ બાંયમાં સંતાડીને લઈ જતા અમુક લોકોને અમે જોયેલા. એટલું જ નહીં; અમે શૉપ સંભાળી ને થોડા સમયમાં રાત્રીના સમયે શૉપનું તાળું તોડીને ચોરી પણ થયેલી.

એક દીવસ એક ભાઈ આવ્યા. ચીપ્પીઝ (પોટેટો ચીપ્સ)ની નાની બેગ એને જોઈતી હતી.

એણે ભાવ પુછ્યો, 'આનું શું લેવાના?'

મેં કહ્યું, '૮૦ સેન્ટ.'

એ કહે, 'કેમ એટલા બધા ?'

'ભાઈ, આ પ્રકારની શોપમાં એનો બધે આ જ ભાવ હોય છે.'

'તમે લોકો અમને લુંટો છો. મને એ ૫૦ સેન્ટમાં આપ.'

'ના, ૫૦ સેન્ટમાં તે તમને ન મળી શકે, તમારે લેવી જ હોય તો ૮૦ સેન્ટ આપીને લઈ જાઓ.'

આ રીતે એમણે ઘણી જીભાજોડી કરી.

છેવટે એને મેં કહ્યું, 'તમારા માગેલા ભાવે તમને એ મળી શકશે નહીં. તમને જોઈતી હોય તો ૮૦ સેન્ટ આપીને લઈ જાઓ.'

ત્યારે એ મારા પર ખુબ જ ગુસ્સે ભરાયો અને મને કહે, 'તું બહાર આવ, તને બતાવી આપું.'

આમ કહેવા પાછળનું કારણ અહીંના કાયદા પ્રમાણે એ મારી મારપીટ દુકાનમાં જ, એટલે કે મારી જ પ્રોપર્ટીમાં કરે, તો એ ઘણો મોટો ગુનો ગણાય.

મેં એને કહ્યું, 'જુઓ, હું કંઈ જંગલમાં નથી રહેતો, જંગલી નથી. હું કાયદાને અનુસરીને ચાલનારો છું. વસ્તુ તમારે ખરીદવી હોય તો એનો અમારો જે ભાવ છે, તે આપીને લઈ જાઓ.'

'સારું હું તમને જોઈ લઈશ. અને એ ચીપ્પીઝ લીધા વીના ચાલી ગયો.

આ પછી શૉપમાં દુધની ડીલીવરી કરનારું કપલ આવ્યું. એ લોકોએ કદાચ અમારી વચ્ચેની વાતચીત–જીભાજોડી ઘણીખરી સાંભળી હશે. એ બન્ને જણાં ઘણાં ઓલ્ડ હતાં. ઓલ્ડ લેડી મને કહે, "મી. પટેલ, તમે જાણો છો કે તમારી સાથે દલીલ કરનાર કોણ હતો? એ અહીંનો નામચીન અને પહેલા નંબરનો ગુંડો છે. પોલીસ પણ એને કશું ન કરે."

દેખીતું છે કે અમે એ વીસ્તારથી અજાણ્યાં હતાં, આથી અમને તો કશી જ ખબર ન હતી, કે એ કોણ હતો અને કેવો હતો. પણ મારા સ્વભાવ મુજબ કોઈ ગેરવ્યાજબી માગણી કરે તો તેને તાબે ન થવું, એ રીતે મેં એની સાથે દલીલ કરી હતી. શારીરીક રીતે તો મને એ ચપટીમાં ચોળી–રોળી નાખે તેવી હાઈટવાળો અને કદાવર દેખાતો હતો.

શૉપમાં તે દીવસે અમે બંને જણાં હતાં. બાકી કેટલીક વાર શૉપમાં મારાં પત્ની એકલાં જ હોય, કેમ કે મારે શોપ માટે ખરીદી કરવા જવાનું હોય. તો કોઈક વાર હું પણ શૉપમાં એકલો હોઉં. વળી શૉપ સાથે રહેઠાણની વ્યવસ્થા ન હતી. એટલે કે એ લોકઅપ શૉપ હતી. આથી રાત્રે શૉપ બંધ કરીને ઘરે જવાનું થાય.

પણ મને નવાઈ એ વાતની લાગી કે એ માણસ ફરી મને કદી રસ્તામાં મળ્યો નથી અને નડ્યો નથી કે ફરી કદી અમારી એ શૉપમાં પણ આવ્યો નથી. જે મને ધમકી આપીને ગયેલો અને નંબર વન ગુંડાગીરી કરનાર હતો એમ કહેવાતું હતું, તો પછી એણે કેમ કશું કર્યું નહીં હોય?

હા, એ ખરું કે મેં એનું કશું બગાડ્યું ન હતું. જે સત્ય હકીકત હતી, તે જ મેં એને વીનયથી; પણ મક્કમતાથી કહી હતી, કે પચાસ સેન્ટમાં એ વસ્તુ આપવાનું અમને પરવડે નહીં તેથી પચાસ સેન્ટમાં એને આપવામાં આવશે નહીં.

બસ, આટલું જ !

પણ આ પ્રસંગે મને વીચારતો કરી મુક્યો. મને લાગે છે કે ના પાડવામાંયે આપણી મક્કમતા, વીનમ્રતા, ગ્રાહક પ્રત્યે સદ્ ભાવ; તોછડાઈ કે તુચ્છકારનો સદન્તર અભાવ જ કારણભુત હશે.

બાકી, કેમ તેણે અમને જવા દીધાં હશે ?

–ગાંડાભાઈ વલ્લભ

વેલીંગ્ટન, ન્યુઝીલેન્ડ

થવા દે થાય તે, અમને નથી ડર, જોઈ લેવાશે !

જવાની પર ભરોસો છે સદંતર જોઈ લેવાશે !

–સૌજન્ય–

–હેમન્ત દેસાઈ


લેખકસમ્પર્ક :

Gandabhai Vallabhbhai Patel,

77 Freyberg Street Lyall Bay, WELLINGTON – 6022 - NEW ZEALAND

Phone: 64 4 387 2495  Mobile: 64 21 161 1588 eMail : gandabhaiv@gmail.com

Blog : http://gandabhaivallabh.wordpress.com(Gujarati & English-Mainly About Ayurveda)

http://kriyakand.wordpress.com (Gujarati-Hindu Religious Services)

http://azadiladat.wordpress.com (Gujarati-A Book by Dayal Kesry)

Blog Index Link : https://gandabhaivallabh.wordpress.com/index/

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: બારમું – અંક: 353 – July 24, 2016

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,24,92,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 61,74,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,59,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 3,43,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@